# આજે પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાતે

**મોગર ખાતે વડાપ્રધાનશ્રી અમૂલ ડેરીના રૂા. ૧૧૨૦ કરોડના : વિવિધ છ નૂતન પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુર્હૂત કરશે : રાજકોટ, આણંદ અને કચ્છ જિલ્લામાં વિકાસ કાર્યક્રમો હાથ ધરાશે : ૨૬ કરોડના ખર્ચે મ્યુઝિયમ તૈયાર થયું : રાજકોટમાં આઈવે પ્રોજેક્ટ ફેસ-૨ લોકાર્પણ : આણંદમાં ચોકલેટ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન**

અમદાવાદ, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત પહોંચી રહ્યા છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદી આણંદમાં અમુલના અતિઆધુનિક ચોકલેટ પ્લાન્ટ સહિત અનેક પ્રોજેક્ટોનું ઉદ્‌ઘાટન કરશે. સાથે સાથે અન્ય જુદા જુદા કાર્યક્રમોમાં હાજરી આપશે. વડાપ્રધાન આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટીના આધુનિક સેન્ટરનું પણ ઉદ્‌ઘાટન કરશે. આ ઉપરાંત સોલાર કો.ઓપરેટીવ સોસાયટીનું પણ ઉદ્‌ઘાટન કરશે. તેમના કાર્યક્રમોને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મોદીના કાર્યક્રમની શરૂઆત ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચોકલેટ પ્લાન્ટના ઉદ્‌ઘાટન સાથે થશે. અમૂલ બ્રાન્ડની માલિકીનો આ પ્લાન્ટ રહેલો છે. આણંદ જિલ્લામાં મોગર ગામમાં આનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. ત્યારબાદ ખેડૂતોને પણ સંબોધન કરશે. આ પ્લાન્ટ ૧૯૦ કરોડના ખર્ચે તૈયાર કરાયો છે. અહીં પ્રવર્તમાન પ્લાન્ટના ૬૦૦ ટનની ક્ષમતા સામે મહિને ૧૦૦૦ ટન ચોકલેટનું નિર્માણ થશે. અહીંથી જ મોદી આ જિલ્લાના આંકલાવ તહેસીલના મુજકુવા ખાતે સોલાર એનર્જી કો.ઓપરેટીવ



સોસાયટીને લોન્ચ કરશે. વાયા વીડિયો મારફતે આની શરૂઆત કરાવશે. ૧૧ ખેડૂતો દ્વારા સોસાયટીની રચના કરવામાં આવી છે. જેનાથી સોલાર એનર્જી સિંચાઈ માટે ઉત્પન્ન થશે. મોદી ત્યાર બાદ કચ્છ જિલ્લાના અંજાર ખાતે નેચરલ ગેસ પાઈપ લાઈન સમર્પિત કરશે. જે મુંદ્રા બંદર અને અંજાર વચ્ચે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ દ્વારા બિછાવવામાં આવી છે. આ ઉપરાંત તેઓ વરસાણા, ભીમસર, અંજાર અને ભુજને જોડતા હાઈવેના ફોરલેન કામ માટે સેરેમનીમાં પણ ભાગ લેશે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૩૦ સપ્ટેમ્બરના રોજ રાજકોટ ખાતે સ્વદેશ દર્શન અંતર્ગત નિર્માણ પામેલા અને મહાત્મા ગાંધીની અનુભૂતિ કરાવતા મ્યુઝિયમનું લોકાર્પણ કરશે. આ સમારોહ બપોરે ૪-૦૦ વાગે ચૌધરી હાઈસ્કુલના મેદાનમાં યોજાશે. સાથે સાથે રાજકોટ શહેરમાં આઈ-વે પ્રોજેક્ટ અંતર્ગત સીસી ટીવી કેમેરા લગાવવાના બીજા તબક્કાનો પ્રારંભ તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ગૃહપ્રવેશ પણ કરાવશે. આ વેળાએ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ જે શાળામાં અભ્યાસ કરીને પાયાનું શિક્ષણ મેળવ્યું હતું તે આલ્ફ્રેડ હાઈસ્કૂલ હવે બની છે બાપુના વિચારની સ્વાનુભૂતિનું કેન્દ્ર. રાજકોટમાં મહાત્મા ગાંધીના અભ્યાસ સ્થાન આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં રૂ. ૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ મહાત્મા મ્યુઝિયમનું નિર્માણ રાજ્ય તથા કેન્દ્ર સરકારની સહાયથી કરાયું છે. સ્વદેશ દર્શન યોજના અંતર્ગત નિર્માણ પામેલા મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની રાજકોટ સાથે જોડાયેલી સ્મૃતિની સદૈવ જાળવણી કરવાનો હેતુ છે. મલ્ટીમીડિયા મિની થીયેટર, મોશન ગ્રાફિક, ઓગ્મેન્ટેડ રિયાલિટી, સર્ક્યુલર વિડીયો પ્રોજેકશન, થ્રીડી પ્રોજેકશન, મેપીંગ ફિલ્મથી ગાંધીજીવન તાદ્રશ્ય થશે. વિશાળ વિડીયો આર્ક વોલ, મોન્યુમેન્ટલ લાઈટીંગ, ગાંધી લાઈબ્રેરી, મ્યુરલ, પ્રાર્થના હૉલ, ઈન્ટરેક્ટીવ મોડ ઓફ લર્નિંગ જેવી અત્યાધુનિક ટેકનોલોજીની સુવિધાથી સજ્જ આ મ્યુઝિયમ છે. અદ્યતન ડિજિટલ ટેક્નોલોજીના માધ્યમથી સમગ્ર શાળામાં વિવિધ પ્રકલ્પ દ્વારા બાપુને વધુ સારી રીતે જાણી સમજી

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના માત્ર ૧૦૬ ગામોમાં જ સફાઈવેરાની ૫૦ ટકા વસુલાત

ગાંધીનગર, તા. ૨૯

સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ અંતર્ગત જિલ્લામાં માત્ર ૧૦૬ ગામ જ તેની ગ્રાન્ટ મેળવવાને પાત્ર થાય છે જ્યારે ૬ ગામ તેની પ્રોત્સાહક ગ્રાન્ટ મેળવવા પાત્ર બની રહ્યા છે.

**સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામની પ્રોત્સાહક ગ્રાન્ટ માટે માત્ર ૬ ગામો જ લાયક થયા**

જિલ્લામાં ઓછી વેરા વસુલાત એ વહીવટીતંત્ર માટે શિરદર્દ બન્યુ છે અને હવે સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામની ગ્રાન્ટ અને પ્રોત્સાહક અનુદાન મેળવવા પાત્ર ગ્રાન્ટ મેળવનાર ગામોની સંખ્યા ગત વર્ષ કરતાં ઘટાડો નોંધાતાં તંત્રની ચિંતાનો વિષય બન્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૦૬ ગામ જ એવા છે જ્યાં સફાઈવેરાની વસુલાત ૫૦ ટકા કરતાં વધુ થઈ છે. જ્યારે ૬ ગામ જ એવા છે જે ગામોએ નોંધપાત્ર વસુલાત સાથે મૂલ્યાંકનમાં ૬૦ કરતાં વધુ ગુણાંક પ્રાપ્ત કરતાં તેમને પ્રોત્સાહક અનુદાન માટે લાયક ગણવામાં આવ્યા છે.

જે ગામો ગ્રાન્ટ મેળવવા માટે પાત્ર થયા છે તેમાં કલોલ તાલુકાના ૩૪, માણસાના ૨૮, ગાંધીનગરના ૨૯ અને દહેગામ તાલુકાના ૧૫ ગામ છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૨૦૧૭-૧૮ના વર્ષ દરમ્યાન ૨,૮૧,૫૮,૮૦૯ની વસુલાત સફાઈ વેરા પેટે થઈ છે.

જિલ્લામાં અને રાજ્યમાં સ્વચ્છતા અંગેની એક તરફ ઝુંબેશ-અભિયાન ચાલી રહ્યા છે ત્યાં સફાઈવેરાની ૫૦ ટકા કરતાં પણ ઓછી વસુલાત થઈ હોય તેવા ગામોની સંખ્યા ૬૦ ટકાથી વધુ હોવાની વાત તંત્ર માટે પડકાર બનીને ઉભરી છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે વેરા-વસુલાત પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા માટે તાજેતરમાં જિલ્લા વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ગરમી વધતાં કપાસ ઉત્પાદકો ચિંતાતુર

**તાપમાનમાં સતત બદલાવ થતાં કપાસના ઉત્પાદન પર વિપરીત અસરોની સંભાવના**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં હવામાનમાં સતત ફેરફારને પગલે ખેડૂત વધુ એક વખત ચિંતામાં ગરકાવ થઈ ગયો છે. જિલ્લામાં જે રીતે ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે તેની વિપરીત અસરો કપાસના પાક પર પડવાની સંભાવનાઓ વધી જવા પામી છે.

આમ તો ૩૫ ડિગ્રી સે. જેટલુ તાપમાન જિલ્લામાં રહેશે તેવી આગાહીઓ વચ્ચે પણ છેલ્લા બે-ત્રણ દિવસથી આ તાપમાનનો આંક ૩૬ થી ૩૮ સુધી પહોંચ્યો છે. જો આમને આમ ગરમીનો પ્રકોપ વધે તો કપાસના પાકમાં સૂકારાનો રોગ લાગુ પડી શકે છે એટલુ જ નહિ કપાસના ઉત્પાદન પર પણ વિપરીત અશરો થઈ શકે છે.

જિલ્લામાં આ વખતે બે તબક્કે ખરીફ સિઝનનું વાવેતર, અનિયમિત વરસાદ અને તે પણ ૫૦ ટકાથી ઓછો નોંધાયો છે ત્યારે ખેડૂતની ચિંતા વધે તે સ્વાભાવિક છે. એક-બે વિસ્તારોમાં તો ગરમીના કારણે કપાસના ફૂલ ફાટી જતા હોવાની ફરિયાદ ઉઠી છે અને ત્રણ જેટલી વીણીને બદલે એક જ વીણીમાં કપાસનો પાક પુરો થાય તો ખેડૂતોની મુશ્કેલી વધી શકે છે.

જિલ્લામાં ખરીફ ઋતુ દરમ્યાન ૨૩ હજાર હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર થયુ છે. ભેજવાળા વાતાવરણને કારણે કપાસના પાકમાં ક્યાંક ક્યાંક મિલીબગનો રોગ પણ દેખાયો હતો પરંતુ ખેડૂતોએ દવાનો છંટકાવ કરી પાકને બચાવી લીધો છે અને સારા ઉત્પાદનની આશા પણ ગરમીનો પ્રકોપ વધતાં ઠગારી નીવડે તેવી શક્યતાઓ ઉભી થતાં ખેડૂત ચિંતાતુર બન્યો છે.

## નિર્માણ ભવનનુ ૩ કરોડના ખર્ચે રીનોવશન હાથ ધરાયુ

**રીનોવેશનમાં ગ્રાઉન્ડ તેમજ પ્રથમ મજલામાં ફલોરીગ સહીત ફર્નિચરનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૯

શહેરમાં નિર્માણ ભવનના બિલ્ડીંગમાં રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.નિર્માણ ભવના ભોયતળિયે તેમજ પ્રથમ મજલે ફલોરીંગ સહીતનુ કામગીરી હાથ ધરાશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના સે-૧૦ માં નવા બિલ્ડીંગો બાંધવામાં આવ્યા છે. કર્મયાગી ભવન પણ સે-૧૦ માં બાંધવામાં આવ્યુ છે .જયારે હજુ કર્મયોગી ભવનના બે બ્લોકનુ કામ હાથ ધરવામાં આવશે જયારે હાલ સે-૧૦ માં બોર્ડ નિગમની અનેક વિધ કચેરીઓ પણ ધમધમી રહી છે. જયારે નગર વિકાસના અનેક કામો સાથે સંકળાયેલા નિર્માણ ભવનનુ બિલ્ડીંગ પણ આ સેકટરમાં જ સ્થિત છે. જયારે આ નિર્માણ ભવનમાં હાલ રીનોવેશનનુ કામ ચાલી રહ્યુ છે. નિર્માણ ભવનના ભોંયતળિયે તેમજ પ્રથમ મજલે રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે.જેમાં ભવનના ફલોરીંગનુ કામ પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે ભવનના ફલોરીંગ ઉપરાંત ટોઈલેટ બ્લોક , બારી બારણા, કલરકામ તેમજ આધુનિક ફર્નિચરની કામગીરી પણ રીનોવેશનની યોજના હેઠળ આવરી લેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ''આશા'વર્કર માટે જિલ્લાકક્ષાએ ગ્રીવન્સ રિડ્રેસર સ્કેલ રચવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના આરોગ્ય વિભાગે આશા વર્કરોના મતભેદોના નિવારણ માટે જિલ્લાસ્તરે તેમજ મનપાના સ્તરે એક ખાસ સેલ ઉભો કરવાનો નિર્ણય કર્યો છે.

**ફરિયાદ મળ્યાના ૨૧ દિવસમાં ઉકેલ-સમાધાન લાવવાનું રહેશે તેવી મર્યાદા પણ નિયત કરાઈ**

આ અંગેના નિર્ણયની જાણ મિશન ડાયરેક્ટર ગૌરવ દહિયાએ એક પત્ર લખી રાજ્યના તમામ સ્તરના આરોગ્યતંત્રને કરી છે.

આ મતભેદ નિવારણ સેલના જિલ્લાકક્ષાએ જિલ્લા વિકાસ અધિકારી અધ્યક્ષ રહેશે જ્યારે સેલના સભ્ય સચિવ તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી રહેશે. મનપા લેવલે આ સેલના અધ્યક્ષ તરીકે ડે. મ્યુનિ. કમિશ્નર રહેશે જ્યારે સભ્ય સચિવ તરીકે મેડીકલ ઓફિસર (હેલ્થ) રહેશે.

આ સેલમાં પાંચ સભ્યો રહેશે. પાંચ સભ્યોમાંથી બે સભ્યો બિનસરકારી સંસ્થા જેમાંથી એક શૈક્ષણિક સંસ્થામાંથી હોવા જરૂરી છે. બે સભ્ય સરકારી સંસ્થા જે આરોગ્ય વિભાગને લગતા હોય તેવા રહેશે. જ્યારે એક સભ્ય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની પસંદગીના રહેશે. જેમાં ડીસ્ટ્રીક્ટ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર (ડીક્યુસી), જિલ્લા પ્રોગ્રામ આસિસ્ટંટ અથવા આશા કાર્યક્રમ સાથે સંકળાયેલ કર્મચારી રહેશે.

આ પસંદગી પામેલ સભ્યોમાંથી ત્રણ મહિલા સભ્ય આગેવાની પદવાળા અથવા શૈક્ષણિક સંસ્થામાંથી લેવાના રહેશે.

આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન ૨૦૦૫ દ્વારા ''આશા'. એક પાયાની સેવાભાવી સ્વૈચ્છીક સામાજિક અને આરોગ્ય કાર્યકર્તા છે જે ઘરે ઘરે આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં કડીરૂપ સાબિત થયેલ છે. બાળમરણ, માતા મરણ અને વસ્તી ઘટાડા દરની સિદ્ધિ હાંસલ કરવામાં આ કાર્યકર્તાઓનું મોટુ પ્રદાન છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ગ્રીવન્સ રિડ્રેસર સેલની રચના તાત્કાલિક કરવાની રહેશે. તેમજ જે કંઈ કાર્યવાહી આ સેલ દ્વારા થાય તેનો રેકર્ડ પણ જાળવવાનો રહેશે.

આશા વર્કરોના મતભેદો માટે ફુલટાઈમ સેલના સચિવ નીમણુંક કરવાની ભલામણ પણ રાજ્ય સરકારના આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવી છે. એટલુ જ નહિ તેમની સમસ્યા અને નિરાકરણ અને સમાધાન માટેના સેલની રચના કરાઈ છે તેની જાણકારી પણ તમામ આશા કાર્યકરોને કરવાની રહેશે. ફરિયાદ મળ્યાના ૨૧ દિવસમાં તેનો ઉકેલ લાવવાનો રહેશે તેવો સ્પષ્ટ નિયમ પણ નિયત કરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.



માનો ગરબો રે... - નવરાત્રીના આગમનને પગલે માતાજીના ગરબાને આખરી ઓપ અપાઈ રહ્યો છે.. ગરબો ગુજરાતની આગવી ઓળખ છે... આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં માથે ગરબો મુકીને જ માતાજીના ગુણગાન ગાવાની પરંપરા અકબંધ છે... નાટકડી માટલીની આસપાસ નાના-નાના કાણાં પાડીને અંદર દીવો પ્રગટાવી અને માથે મુકીને ગરબા ગાવાની શ્રદ્ધાસભર પરંપરા ભક્તિની પરાકાષ્ટાનો સ્પર્શ કરાવે છે... દીવામાંથી પ્રગટતો અજવાસ ગરબાના કાણામાંથી ગરબાના મેદાનમાં પથરાતો જાય એવી પરિકલ્પનામાં પણ આધ્યાત્મિક ભાવ રહેલો છે... શ્રદ્ધાના પરિણામો મંદ મંદ પણ નિતનવા આકારમાં સ્પર્શે છે....

## શહેરી ગામોમાં નવી ટાંકીનું નિર્માણનું કામ પૂર્ણતાના આરે

**હવે પાઇપલાઇનનુ કામ શરૂ કરાશે : આગામી ઉનાળામાં પાણીની સમસ્યા હલ થઇ જશે : નવી ટાંકી અને સંપ બાદ પાઇપલાઇન પણ અપગ્રેડ કરાશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરના ગામોમાં પાણીની સમસ્યા ડામવા માટે નવીન ટાંકી બનાવાનુ કામ પુર્ણ થવામાં છે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં અગાઉ પાણીનો નવો બોર બનાવવામાં આવ્યો હતો. જયારે પાણીની ટાંકી તેમજ સંપના નિર્માણના અંતે આગામી દિવસોમાં પાઈપલાઈન અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરાશે જેના લીધે આગામી ઉનાળા પુર્વે ગામોમાં પાણીની પોકાર ડામી શકાશે.

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સ્થિત ગામોમાં માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનો રોષ પ્રબળ બન્યો છે.જયારે ગામોમાં પાણી , ગટર રસ્તા અને સ્ટ્રીટ લાઈટની સુવિધાઓને અનુલક્ષી સ્થાનિક અગ્રણીઓ દ્વારા અનેકવાર તંત્રને રજુઆત કરવામાં આવી છે. જેમાં પાણીનો પ્રશ્ન મુખ્ય છે. સ્થાનિકોને પુરતા ફોર્ષથી પાણી ન મળતુ હોવાનો રોષ અનેકવાર ઉઠવા પામે છે .જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણી ન આવતા બેડા યુધ્ધ જેવી સ્થિતિ સર્જાય છે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં તંત્ર દ્વારા પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા અગાઉ નવા બોર બનાવાયા હતા. જયારે પાણીના નવા બોર બનાવાયા બાદ નવી ટાંકી અને સંપ નિર્માણ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે હાલ પાલજ , બાસણ અને બોરીજમાં ટાંકી નિર્માણનુ કામ પણ પુર્ણ થવાના આરામાં છે. જયારે આગામી ઉનાળા પુર્વે આ ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા ટુંકમાં પાણીની

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com